ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 30th July, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

............................................................................,

ભાવનગર.

### કાલે સાંજે સુર્યાસ્ત સમયે સૌથી વધુ તેજસ્વી ગ્રહ મંગળ પૃથ્વીની નજીક જોવા મળશે.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ટેલિસ્કોપથી નજીક જોવા માટેની વ્યવસ્થા.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૬ વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

અવકાશમાં સાંજના સમયે મકર રાશિમાંથી વક્રગતિએ પસાર થતો મંગળ આવતી કાલે પ્રૃથ્વીની સૌથી નજીકથી પસાર થશે. આ વખતે તે મોટો અને વધુ લાલાશ પડતો દેખાશે. રાત્રીના ૭.૦૦ કલાકથી પૂર્વદિશામાં અને બીજે દિવશે સવારે ૬.૦૦ કલાકે પશ્ચિમ દિશામાં જોવા મળશે.

જેને અનુસંધાનએ મંગલ ગ્રહને વધુ નજીકથી ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટે તા. ૩૧/૦૭/૨૦૧૮ ને મંગળવારના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ મારફત તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે સાંજે ૭:૦૦ કલાક થી ૯:૦૦ કલાક સુધી વ્યવસ્થા કરવામાં આવનાર છે. ઉપરાંત ભાવનગરના જાણીતા ખગોળપ્રેમી પ્રો. સુભાષભાઈ મહેતા દ્વારા ગ્રહો વિશેની વધુ માહિતી આપવામાં આવશે.

આ ખગોળીય નજારાને નિહાળવા માટે શહેરની તમાંમ ખગોળરસિક જનતાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભારાડ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

30-7-18

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.